
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



**Shree Atmanand Prakash**

**श्री आत्मानंद प्रकाश**

न्याय्योद्यमश्च सन्तोषी परोपकृतितत्परः ।
उदारः सहनो धीरः सत्कर्माऽस्ति सदा सुखी ।।

ન્યાયનીતિથી ઉદ્યમ કરનાર, સન્તોષી, પરોપકારપરાયણ, ઉદાર,
સહિષ્ણુ, ધીર અને સત્કર્મશીલ મનુષ્ય હમેશાં સુખી છે.

He is always happy who is honestly diligent, contented, devoted to benevolence, generous, enduring, courageous (or steadfast) and disposed to do good deeds.

| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૩ | પોષ-મહા | આત્મ સંવત : ૧૦૦ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૨ |
| અંક : ૩-૪ | જાન્યુ.-ફેબ્રુ. : ૯૬ | વિક્રમ સંવત : ૨૦૫૨ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | પ્રાર્થના | પૂ. આ. શ્રી વિજયસુશીલસૂરીશ્વરજી મ. સા | ૧૫ |
| (૨) | શ્રી વર્ષીતપનો મહિમા | પૂ. આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ. સા. | ૧૬ |
| (૩) | કર્મરાજાની કરામત (ગતાંકથી ચાલુ) | સંકલન : કાન્તીલાલ આર. સલોત | ૧૯ |
| (૪) | આત્મા બન્યો પરમાત્મા (ગતાંકથી ચાલુ) | અનુવાદક : ડો કુમારપાળ દેસાઈ | ૨૦ |


આ સભાના નવા આજીવન સભ્યશ્રી

**શ્રી જસવંતરાય ચીમનલાલ ગાંધી ભાવનગર**

**(પ્રભાત સ્ટેશનરીવાળા)**

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

## પરિપત્ર

**સુજ્ઞ સભાસદ બંધુઓ / બહેનો**

આ સભાનાં સભ્યોની તા. ૨૮-૧-૧૯૯૬ ની સામાન્ય સભાનાં પરિપત્રમાં દર્શાવેલ કાર્યસૂચિના ક્રમાંક નંબર (૪) મુજબ આવતા ત્રણ વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી માટે સભ્યોની સામાન્ય સભાની બેઠક સંવત ૨૦૫૨નાં ફાગણ વદી ૫ ને રવિવાર તા. ૧૦-૩-૧૯૯૬ નાં રોજ સવારના ૧૦-૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઇ લેકચર હોલમાં મળશે; તો આપને હાજર રહેવા વિનંતી છે.

લી. સેવકો

**કાંતિલાલ રતિલાલ સલોત**

**દિવ્યકાંત મોહનલાલ સલોત**

માનદ્ મંત્રીઓ

ભાવનગર

તા. ૫-૨-'૯૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ

# 卐 પ્રાર્થના 卐

[ મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું-એ રાગમાં ]

સર્વ વિશ્વના એ સર્વ જીવોનું, શુભ થાઓ એમ ઇચ્છું હું;
દુઃખી ન થાઓ કોઇ પણ પ્રાણી, એ મૈત્રી ભાવના ભાવું છું.

ગુણીજનોના શુભ ગુણો જોઇ, સાનંદ હું નાચી રહું;
પ્રમોદ ભાવના હૈયે ધરીને, ગુણીના એ ગુણો ગ્રહું.

દુઃખી જીવોના દેખી દુઃખને, દૂર કરવાને ઇચ્છું હું;
એવી કરૂણા ભાવના ભાવું, દયા નદીમાં ન્હાવું હું.

નિર્ગુણી એવા જીવોની ઉપરે, કરું ઉપેક્ષા વૃત્તિ હું;
માધ્યસ્થ ભાવના ભાવી હું તો, જિન આજ્ઞામાં મગ્ન રહું.

ચાર ભાવના એ નિત્ય સમરતા, વિનાશ કર્મનો કરું હું;
સંયમ સાધી કેવલ પામી, સુશીલ શિવ વધૂ વરુ હું.



રચયિતા-પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયસુશીલસૂરીશ્વરજી મ. સા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# શ્રી વર્ષીતપનો મહિમા

પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ

**શ્રી વર્ષીતપની આરાધના શરૂ કરવી હોય તેઓએ ફાગણ વદ ૮ થી શરૂ કરવાની હોય છે. તેને અનુલક્ષીને શ્રી વર્ષીતપનો મહિમા સમજાવતો આ લેખ રજૂ કરીએ છીએ.**

**—તંત્રીશ્રી**

આ અવસર્પિણી કાળના પ્રથમ તારક, પ્રથમ ઉપકારક, પ્રથમ નરપતિ, પ્રથમ તીર્થપતિ શ્રી યુગાદિદેવ થયા હતા. તેઓ પિતાશ્રી નાભિકુલકર અને માતા શ્રી મરુદેવીના પુત્ર હતા. તેમનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. પંચ (ચ્યવન-જન્મ-દીક્ષા-જ્ઞાન અને નિર્વાણ) કલ્યાણકમય તેમનું જીવન અતિ પવિત્ર હતું. લોકકલ્યાણ અર્થે તેમણે ગૃહવાસમાં હતા ત્યારે ઉચિત પ્રજાવ્યવહાર પ્રવર્તાવ્યો હતો. ઇન્દ્ર ઇન્દ્રાણીઓએ તેમનો લગ્ન મહોત્સવ ઉજવ્યો હતો અને તેમનો રાજ્યાભિષેક પણ ઇન્દ્રે સ્વર્ગમાંથી આવીને કર્યો હતો. તે સમયે યુગલિક લોકોનો વિનય જોઇને ઇન્દ્રે પોતાના વૈશ્રમણ દેવને આજ્ઞા આપીને વિનીતાનગરી વસાવી હતી, જે પછીના કાળમાં અયોધ્યા તરીકે ઓળખાય છે. આ ભગવાનનાં નામ આદિદેવ કિંવા યુગાદિદેવ, ઋષભદેવ, પ્રથમ નરપતિ, પ્રથમ ભિક્ષાચર, પ્રથમ તીર્થંપતિ, એમ પાંચ હતાં. શ્રી વર્ષીતપનો મહિમા આ પ્રભુના તપમાંથી પ્રગટ થયેલો છે.

ભગવાનને દેવી સુમંગલા અને સુનંદાથી શ્રી ભરત તથા બાહુબાલ આદિ સો પુત્રો થયા હતા. તે સર્વને દેશ-રાજ્ય વહેંચી આપીને તથા પૃથ્વીતલના દારિદ્રય દાવાનલને બુઝવવા માટે દીન અનાથ આદિ લોકોને એક વર્ષ સુધી અવિરતદાન (વર્ષીદાન) આપીને ભગવાન ઋષભદેવે ૮૩ લાખ પૂર્વ પછી, મહાભિનિષ્ક્રમણ આદર્યું, અર્થાત્ કઠોર કર્મો જીતીને ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે પરમપાવની દીક્ષા લીધી. તે દિવસ ફાગણ વદ ૮ નો હતો. ભગવાનની સાથે કચ્છ, મહાકચ્છ આદિ ૪૦૦૦ પુરૂષોએ પણ દીક્ષા લીધી હતી.

લોકો તે વખતે ઘણા સુખી હતા. ભીખ માગવાનું કે ભીખ આપવાનું કાંઇ સમજતા ન હતા. જૈન દીક્ષામાં તો નિર્દોષ ભિક્ષા મેળવવા દ્વારા જ સંયમનો નિર્વાહ શક્ય બને છે. ભગવાનને દીક્ષા લેતી વખતે છઠ્ઠનો તપ હતો, પારણે ભિક્ષા લેવા ભગવાન નીકળ્યા ત્યારે લોકો તેમને આપવા માટે હાથી-ઘોડા-વસ્ત્ર-અલંકાર-હીરા-મણિ-માણેક-સુવર્ણ-કન્યા-વાહન આદિ ધરતા હતા. ભગવાનને આમાંનું કાંઇ ખપે નહિ. ભગવાન અદીન ભાવે પાછા ફરતા અને મૌન ભાવે તપો વૃદ્ધિ કરતા,-' મ્હારે આ જોઇએ છે, કે તમારે આ આપવું જોઇએ,' વિગેરે કશું કોઇને કહેતા નહિ. આમ રોજ ચાલવા માંડયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્દોષ અન્નજલ મળવાના અભાવે ભગવાન ભૂખ તરસ સહન કરે છે, પરંતુ કચ્છ-મહાકચ્છ આદિ સાધુઓથી તેમ થઇ શકયું નહિ. ભગવાન તો તેજસ્વીપણે તપોવૃદ્ધિ કરતા ગ્રામાનુગ્રામ વિચરતા હતા. એમ કરતાં તેર માસ અને નવ દિવસ થયા. વૈશાખ સુદ ૩ ને દિવસે ભિક્ષા માટે પ્રભુ હસ્તિનાપુરમાં પધાર્યા-રાજમાર્ગ ઉપર લોકોનો કોલાહલ થવા માંડ્યો.-"ભગવાન કાંઇ લેતા નથી.... કાંઇ લેતા નથી."

આ સમયે ત્યાં ભગવાનના પુત્ર શ્રી બાહુબલિ રાજાના પુત્ર સોમપ્રભ રાજા રાજ્ય કરતા હતા. તેમના પુત્ર શ્રેયાંસકુમાર રાજમહેલના ઝરુખામાં બેઠા હતા તેમણે ભગવાનને જોયા અને જોતાની સાથે જ તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. ભગવાન સાથેના પોતાના પાછલા ભવો શ્રેયાંસને સાંભરી આવ્યા. તેઓ સાધુતાના આચારો સમજી ગયા. તે જ વખતે ત્યાં કોઇકે આવીને શ્રેયાંસકુમારને ચોકખા તાજા શેરડી રસથી ભરેલા ઘડા ભેટ ધર્યા. શ્રેયાંસકુમારે દોડી જઇ ભગવાનને વિનંતિ કરી. ભગવાને નિર્દોષ ભિક્ષા જાણી પોતાના હાથ ધર્યા. શ્રેયાંસે તેમાં શેરડીરસ વહોરાવી ભગવાનને પારણું કરાવ્યું. એક બિન્દુ પણ હાથમાંથી નીચે પડયું નહિ અને ભગવાને રસ વાપર્યો તે કોઇ ચર્મ ચક્ષુવાળા જોઇ શકયા નહિ. ત્યાં વસુધારા-ધનવૃષ્ટિ આદિ પાંચ દિવ્યો પ્રગટ થયાં. વૈશાખ શુદ ૩ ની તિથી પણ અક્ષયતૃતીયાના મહિમાવાળી બની.

બસ, આ છે વર્ષીતપનો અને સુપાત્ર દાનનો આદિ ઇતિહાસ ભગવાન ઋષભદેવથી વર્ષીતપ શરૂ થયો અને શ્રેયાંસ કુમારથી ગૃહસ્થોએ સાધુઓને નિર્દોષ આહારાદિ વસ્તુઓનું દાન કેમ કરવું તે શરૂ થયું. ભગવાને દીક્ષા લીધા પછી તુરત જ આ મહા તપશ્ચર્યા કરી તેના અનુસ્મરણમાં આજે પણ જૈન સંઘમાં તે કાળથી વર્ષીતપ કરાય છે અને પારણે શેરડી રસ ગ્રહણ કરાય છે. ( કેટલાક લોકો ૧૦૮ ઘડાનું પારણું માને છે, પણ તેનો કોઇ આધાર જણાતો નથી. ) ભગવાન તો ફાગણ વદ ૮ થી બીજા વર્ષના વૈશાખ સુદ બીજ સુધી તદ્દન નિરાહાર રહ્યા હતા. આ કાળમાં એવી સંઘયણ-શરીરશક્તિ નહિ હોવાથી વચમાં એકાંતરે બીયાસણું વિગેરે કરાય છે ઘણા તપસ્વીઓ તો છઠ્ઠના પારણે છઠ્ઠ, અઠ્ઠમના પારણે અઠ્ઠમ અને તેથી પણ વધુ કરતા જણાય છે. ઘણા ઉપરાઉપરી ચાલુ વર્ષીતપ કેટલાય વર્ષો સુધી કરતા હોય છે. ધન્ય છે એ તપસ્વીઓને ! ધન્ય છે એ જૈનશાસનના આરાધકોને ! !

કર્મને તપાવે તેનું નામ તપ છે. નિકાચિત કર્મોને પણ વિખેરી નાખવાનું તેનામા પ્રબળ સામર્થ્ય રહેલું છે. યુગાદિદેવના શાસનમાં ઉત્કૃષ્ટ વર્ષીતપ વર્તતો હતો મધ્ય બાવીસ જિનેશ્વરોના શાસનમાં આઠ મહિનાનો તપ હતો, અંતિમ પ્રભુ મહાવીરના શાસનમાં છમ્માસી તપ વર્તે લાગટ છ મહિનાના તપની શક્તિના અભાવે પણ, જેમાં છ મહિનાથીયે વધુ ઉપવાસો બંધ મુખે કરવાનો લાભ મળતો હોય તો તે માત્ર આ અનુસ્મરણમાં કરાતો મહાન્ વર્ષીતપ જ છે. આ તપમાં ભગવાન શ્રી ઋષભાદિ જિનવરોનું જે ધ્યાન વિગેરે સેવાય અને તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિજીની પતિતપાવની વૈયાવચ્ચ-સેવા આદિ કરાય તેનાથી અભ્યંતર તપનો પણ અંતરાત્માને લાભ મળે છે. ખૂદ શ્રી જિનેશ્વર ભગવાનોએ પણ તપ સેવવામાં શરીરની સુકોમળતા કે પ્રમાદ-આળસને આડે આવવા દીધાં નથી. તો આજની પ્રજાએ પણ-'આ તો કેવળ બાહ્ય તપ છે અથવા શરીરને કષ્ટ છે.' એમ સમજી તપમાં આળસુ કે પ્રમાદી બનવું જોઇએ નહિ. શ્રમ વિના સિદ્ધિ નથી, આત્માની અનન્ત રિદ્ધિની સિદ્ધિ જો તમારે પ્રાપ્ત કરવી હશે તો તપનો શ્રમ પણ શરીરને આપવો તો પડશે જ. ભોગમાં પડીને શરીર પાપસાધન બને તેના કરતા તપશ્ચર્યા સેવીને શરીર ધર્મસાધન બને તે જ હિતાવહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. અરે ! તે જ આ તુચ્છ શરીરનું ઉચ્ચ ફળ છે. એવી કોઇ સિદ્ધિ નથી કે જે તપથી સિદ્ધ ન થાય. દેવ દાનવ પણ તપની અનંત શક્તિ આગળ નમી જાય છે તથા નિરંકુશ રહેતા ઇન્દ્રિયોના ચપળ ઘોડા વિગેરે પણ તપથી અંકુશમાં આવી જાય છે. જીવને મહાબંધનરૂપ ઇધર ઉધરની ઇચ્છાઓનો આનાથી નિરોધ-રૂકાવટ થાય છે અને આત્માની દિવ્ય સહન-શક્તિનો અજબ વિકાસ થાય છે.

અંતે, વિતરાગ દેવોની આજ્ઞાની શ્રદ્ધાપૂર્વક તપમાં અબ્રહ્મ તથા ક્રોધાદિકનાં કલંક દૂર કરીને ક્ષમા તથા સમતાને પોતાનો પ્રાણ બનાવીને, આવા મહાન્ પ્રભાવી-વિઘ્નવિદારક-મંગલકારી-શાસનના સુવિહિત તપો આદરવામાં સૌ કોઇ પ્રવીણ બને એજ શુભેચ્છા....

## યાત્રા પ્રવાસ

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સં. ૨૦૫૨ના પોષ વદ ૨ ને રવિવાર તા. ૭-૧-૯૬ના રોજ ઘોઘા શ્રી નવખંડા પાર્શ્વનાથજીનો યાત્રા પ્રવાસ રાખવામાં આવેલ હતો. આ યાત્રા આ વખતે કારતક માસની ડેમની તથા માગશર માસની ઘોઘાની સંયુક્ત રાખવામાં આવેલ હતી. તેમાં નીચેના દાતાશ્રીઓની વ્યાજની રકમમાંથી ગુરૂભક્તિ તથા સ્વામિભક્તિ કરવામાં આવી હતી, તેમજ શ્રી ઘોઘા નવખંડા પાર્શ્વનાથ દાદાના રંગ મંડપમાં સભા તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા સંગીતકારની મંડળી સાથે ભવ્ય રાગ-રાગીણીપૂર્વક ભણાવવામાં આવી હતી. સભાના સભ્યશ્રી ભાઇઓ તથા બહેનો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા અને ખૂબ જ ધામધૂમપૂર્વક આનંદ અને ઉલ્લાસ સાથે પ્રોગ્રામ પૂર્ણ થયો હતો.

### દાતાશ્રીઓની યાદી

| | | |
|---|---|---|
| ૧ | શેઠશ્રી પ્રેમચંદ માધવજીભાઇ દોશી | ડેમની યાત્રાના દાતાશ્રીઓ |
| ૨ | શેઠશ્રી અમૃતલાલ રતીલાલ સલોત | ,, |
| ૩ | શેઠશ્રી નાનાલાલ કુંવરજીભાઇ શાહ | ,, |
| ૪ | શેઠશ્રી ખાન્તિલાલ રતીલાલ શાહ ( ભદ્રાવળવાળા ) | ,, |
| ૫ | શેઠશ્રી મણીલાલ ફુલચંદભાઇ શાહ | ,, |
| ૬ | શેઠશ્રી કાન્તિલાલ લવજીભાઇ શાહ ( ટોપીવાળા ) | ઘોઘાની યાત્રાના દાતાશ્રીઓ |
| ૭ | શેઠશ્રી ખીમચંદભાઇ પરશોત્તમદાસ શાહ ( બારદાનવાળા ) | ,, |
| ૮ | શેઠશ્રી રસીકલાલ છોટાલાલ સંઘવી | ,, |
| ૯ | શેઠશ્રી રમણીકલાલ માણેકચંદ શાહ ( નાણાવટી ) | ,, |
| ૧૦ | શેઠશ્રી રતીલાલ ગોર્વીદજીભાઇ ( સોપારીવાળા ) | ,, |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મરાજાની કરામત

( ગતાંકથી ચાલુ )



સંકલન : **કાન્તીલાલ આર. સલોત**
( મંત્રી : **શ્રી** જૈન આત્માનંદ સભા-ભાવનગર )
( મહાસતી શારદાબાઈના વ્યાખ્યાનમાંથી )

ભૂલને પાત્ર તો સૌ કોઇ છે. માનવ ભૂલ કરે, પાપ કરે પણ પાપોનો જો પશ્ચાતાપ થાય, સાચો એકરાર કરીએ તો પાપ ધોવાયા વિના રહે નહિ. પુત્રવધૂએ પોતાના પાપનો એકરાર કરી લીધો, ત્યારે સસરાજી કહે બેટા! એમાં સૌથી પહેલી ભૂલ તો મારી છે. મેં તમને સત્તા, સંપત્તિ બધું સોંપી દીધું ત્યારે આપને તપ કરવાનું કહ્યું હોત તો આપ જરૂર કરત. તમે ના ન પાડત. તમે તો અજ્ઞાન હતા. મારી ભૂલ માટે મને ક્ષમા કરો. બાપુજી! મારે ક્ષમા આપવાની ન હોય. આ સસરાએ સ્વદોષ જોયા પણ પરાયા દોષ ન જોયા. જયાં સુધી પરના દોષ જોશું ત્યાં સુધી માર્ગાનુસારી પણ બની શકીશુ નહિ વહુએ જિંદગી સુધી ઉપવાસ, આયંબિલ આદિ તપ ચાલુ રાખ્યા. શેઠે સ્વદોષ જોયા તો વહુ સુધરી ગઇ. કહેવાનો આશય એ છે કે તપ માનવીના ઝેરી વિચારોને દૂર કરે છે, જીવનને ઉજ્જવળ બનાવે છે. વિકારોને જીતવા માટે રસવંતા ભોજનનો ત્યાગ કરો. વિકારો પર વિજય મેળવવાનો આ ભવ છે. દિવસો પણ તપના આવી રહ્યા છે. ધૂપસળી સળગીને બીજાને સુગંધ આપે છે અને વાતાવરણને સુગંધિત કરે છે, તેમ તમે પણ તપરૂપ ધૂપસળી સળગાવી આત્માને સુગંધીત કરો એ જ ભાવના....

卐

## સાચું ધન

કેવળ ધનનો મોહ એ ખોટો મોહ છે ધન જેમ ઉપયોગી છે, તેમ આરોગ્ય કે આયુષ્ય એ શું ઓછા ઉપયોગી છે?

ધન કરતાં આરોગ્ય અને આયુષ્ય કોટિગણા વધારે કિંમતી છે. છતાં ધનની દરિદ્રતા જ 'દરિદ્રતા' ગણાય તેનું કારણ શું? આગળ વધીને વિચારતાં એ સ્પષ્ટ થાય છે કે દેહના આરોગ્ય કે આયુષ્ય કરતાં પણ વધારે કિંમત આત્માના જ્ઞાન અને વિવેકની તેમજ સદ્‌વિચાર અને સદાચારની છે. જો કે તેની ઘણી તંગી છે, પણ તેનો માણસને વિચાર નથી.....

ધનથી માલેતુજાર બન્યો. કાયાથી પુષ્ટ થયો કે આયુષ્યથી મોટો થયો. તેટલા માત્રથી માણસ સુખી બન્યો, એ કલ્પના શું સત્ય છે?

માણસની ખરી કિંમત તો તેના જ્ઞાનધનથી અને વિવેક સંપતિથી છે. સદ્‌વિચાર અને સદ્‌વર્તન જ માણસનું સાચું ધન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્મા બન્યો પરમાત્મા

પ્રવચનકાર : આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી
અનુવાદક : ડૉ. કુમારપાળ દેસાઇ

( ગતાંકથી ચાલુ-હપ્તો ૩ જો )

પ્રશ્ન એ થાય કે જો આત્મા અને પરમાત્માના ગુણ સમાન હોય, અને બંને સમાન કોટિના હોય તો પછી પરમાત્માની આરાધના કરવાની શી જરૂર ? પરમાત્માને આરાધ્ય અને આત્માને આરાધક શા માટે માનવા જોઇએ ?

આનો ઉત્તર એ છે કે જડ અને આત્માની જેમ બંનેમાં મૂળભૂત મૌલિક ભેદ હોત તો પરમાત્મા આત્મા માટે આરાધ્ય ન હોત પરંતુ આત્મા અને પરમાત્મામાં જડ-ચેતન જેવા ગુણોનો મૂળભૂત ભેદ હોતો નથી. આથી જ પરમાત્મા બનવાની કે પરમાત્માની આરાધના કરવાની જરૂર રહે છે.

મૂળભૂત રીતે આત્મા અને પરમાત્મા પોતાના ગુણોની દૃષ્ટિએ એક જ હોવા છતાં વર્તમાન અવસ્થામાં કર્મજન્ય ઉપાધિને કારણે, આત્માનું પરમાત્માથી અંતર પડી ગયું છે. આવા અસ્વાભાવિક અંતરને દૂર કરવા માટે પરમાત્માની આરાધના જરૂરી છે.

આત્મા કર્મજન્ય બંધનોને દૂર કરીને શુદ્ધ થાય ત્યારે પરમાત્મા બની શકે છે. તેનામાં પરમાત્મા બનવાની યોગ્યતા રહેલી છે. પરમાત્માના ગુણ પણ આત્મામાં સત્તાના રૂપમાં વિદ્યમાન છે. આથી જ એણે પરમાત્મા બનવા માટે એવો આદર્શ નજર સામે રાખવાની જરૂર છે. માટીમાં ઘડો બનવાની યોગ્યતા ન હોત તો કોઇ પણ કુંભાર ઘડો બનાવવા માટે માટીમાં મહેનત કરેત નહીં. માટીમાં ઘડો બનવાની યોગ્યતા છે. એ ઘડાનું ઉપાદાન કારણ પણ માટી હોવાથી જ કુંભાર માટીમાંથી ઘડો બનાવે છે.

આ ઘડો બનાવવા માટે સૂતરનો દોરો નથી લેતો, કારણ કે તેમનામાં ઘડો બનવાની યોગ્યતા નથી. આ રીતે આત્મામાં પરમાત્મા બનવાની યોગ્યતા રહેલી છે એટલે જ આત્મા પરમાત્મા બનવા માટે તેને આદર્શ તરીકે અપનાવીને તેની આરાધના તથા અન્ય સાધના કરે છે. જડમાં પરમાત્મા બનવાની યોગ્યતા નથી, તેથી જડને પરમાત્મા બનાવવા માટે કોઇ પ્રયત્ન કરતું નથી. ચેતન આત્મા જ પરમાત્મા બની શકે છે એટલે વર્તમાનમાં અપૂર્ણ અને અશુદ્ધ આત્મા પરમાત્માના આદર્શને સામે રાખીને એ સ્વયં પરમાત્મા બનવા માટે સાધના આરાધના કરવાની આવશ્યકતા બતાવે છે. જેવી રીતે પરમાત્મા ઉપાધિ-રહિત છે તેવી જ રીતે જીવાત્મા પણ ઉપાધિરહિત થઇને પરમાત્મા બની શકે છે.

જીવન વ્યવહારમાં એવો અનુભવ થાય છે કે કોઇ વ્યક્તિ કોઇ શેઠને ત્યાં મુનીમ કે નોકર હતા. પરંતુ પોતાનો ખંત, પુરુષાર્થ અને બુદ્ધિબળથી એ પણ એક દિવસ શેઠ બની ગયા અને શેઠના બરોબરીયા બની ગયા.

આ જ રીતે કયારેક રંકના રૂપમાં ફરનારો દરિદ્ર વ્યક્તિ પણ પ્રબળ પુણ્યોદય થવાથી રાજા બનેલો જોવા મળે છે. કયારેક પ્રજાના રૂપમાં રાજાની આજ્ઞામાં રહેનારો વ્યક્તિ કોઇ પ્રબળ પુણ્ય અને પુરુષાર્થના નિમિત્તથી સ્વયં રાજા બની શકે છે. આત્મા કયારેય પરમાત્મા બની શકતો નથી, તે બધી ભ્રાન્ત માન્યતાઓનું નિરાકરણ થઇ જાય છે. સાચા હૃદયથી પરમાત્માની ઉપાસના કરનાર, એની આજ્ઞાની આરાધના કરનારને પરમાત્મપદ સ્વયંમેવ પ્રાપ્ત થાય છે. પરમાત્માની ભક્તિ કરનાર સ્વયંમેવ પરમાત્મા બની જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભમરી એક સામાન્ય જીવ છે, તેની સંગતથી ઇયળ પણ ભમરી બની જાય છે, જો કે તે ભમરી બનવાના સંસ્કારવશ જ પોતાનું પૂર્વ શરીર છોડીને ભમરી બની જાય છે. ઇયળ જો ભમરી બને, તો ભમરીને કોઇ વાંધો નથી હોતો. આ જ રીતે પરમાત્માનાં ધૂન-ભજન વિગેરે કરવાથી અને પરમાત્મા બનવાની સાધના કરવાથી આત્મા પણ પરમાત્મા બની શકે છે. એમાં પરમાત્માને કોઇ વાંધો નથી હોતો. શુદ્ધ દ્વૈતવાદના મતાનુસાર પણ જીવ સદાય જીવ જ નથી રહેતો, તે શિવ ( પરમાત્મા ) બની શકે છે. માત્ર શરત એટલી જ કે તે બંધનોથી મુક્ત હોવો જોઇએ.

સવાલ એ જાગે છે કે પરમાત્માની જેમ આત્મા પણ સર્વશક્તિમાન છે, તો પછી તેણે પરમાત્માના શરણમાં જવાની અને પરમાત્મા પાસે સહાયતા માગવાની જરૂર શી ? વાસ્તવમાં જ્યારે આત્મા પૂર્ણ શુદ્ધ બનીને પરમાત્મ સ્વરૂપ બની જાય છે, ત્યારે તેણે કોઇના શરણે જવાની, સહાયતા માગવાની કે આરાધના કરવાની આવશ્યકતા રહેતી નથી, કારણ કે જ્ઞાની પુરુષો શુદ્ધ વીતરાગ આત્માને જ પરમાત્મા માને છે. તેથી તેઓ કહે છે.-

यः परमात्मा स एवाऽहं, योऽहं सः परमस्ततः ।
अहमेव मयाऽऽराध्यो, नान्यः कश्चिदिति स्थितिः ।।

" જે પરમાત્મા છે તે જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે. એટલે હું જ મારા દ્વારા આરાધ્ય છું. આત્માથી ભિન્ન કોઇ આરાધ્ય નથી, આ જ મારી સ્થિતિ છે. "

પરંતુ વ્યવહારમાં આત્મા પૂર્ણ શુદ્ધ ન હોવાથી પરમાત્માનું શરણ અને સહાયતા ચાહે છે તથા આરાધના અને સાધના પણ કરવા ઇચ્છે છે.

**સમાન છતાં ભિન્ન :**

હવે પ્રશ્ન એ છે કે જ્યારે બધા આત્માઓ સ્વભાવથી સમાન છે તો પછી સંસારી આત્માઓમાં આ ભિન્નતા કેમ દેખાય છે ? નર્કની યાતના ભોગવનાર નારકીનો આત્મા, અને એક શ્વાસમાં ૧૮ વાર જન્મ મરણ કરનારો નિગોદનો આત્મા સમાન છે. સ્વર્ગના રાજા ઇન્દ્ર, પૃથ્વીકાય વિગેરેના રૂપમાં રહેવાવાળાં સ્થાવર તથા પશુ-પક્ષી કીડા-પતંગિયાં વગેરે સહુનો આત્મા મૂળરૂપમાં સમાન છે. તો પછી વિભિન્ન ગતિઓ, યોનિઓ, ઇંદ્રિયો વિગેરેના કારણે જીવોમાં વિવિધતા, વિસદૃશતા અને ભિન્નતા કેમ દેખાય છે ?

જ્ઞાની પુરુષો કહે છે કે આ વિભિન્નતાઓ આત્માના સ્વભાવ કે સ્વરૂપની અપેક્ષાએ હોતી નથી. સ્વરૂપની અપેક્ષાએ તો ' એગે આયા ' કહીને આત્મદ્રવ્યનું એકત્વ દર્શાવીને બધાનો આત્મા સમાન બતાવ્યો છે. જેવી રીતે બધા સૂર્ય સ્વભાવથી સમાન છે. બધા ચંદ્રમાં પણ સ્વભાવની કોઇ ભિન્નતા નથી. બધાના ગુણ એક સરખા છે, પરંતુ મેઘપટલ ( વાદળ ) વિગેરે આડા આવી જવાથી તેમના પ્રકાશમાં ભિન્નતા દેખાય છે.

આજ રીતે બધા આત્માઓ સ્વભાવ અને ગુણથી સમાન હોવા છતાં પણ કર્મજનિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવરણોનાં કારણે ગુણોના વિકાસમાં ભિન્નતા હોવાથી જુદા જુદા પ્રકારના દેખાય છે, આથી આવી ભિન્ન ભિન્ન ગતિઓ, યોનિઓ કે ઇંદ્રિયો વિગેરેને કારણે દેખાતી ભિન્નતા આત્માનું સ્વરૂપ નથી. આ બધી ભિન્નતા ઔપાધિક ( બાહ્ય રીતે પેદા થયેલી ) છે અને કર્મજનિત ઉપાધિઓના કારણે છે.

જ્યાં સુધી આ ઉપાધિઓ છે, ત્યાં સુધી જીવમાં એકબીજાથી ભિન્નતા પ્રતીત થાય છે. આ ઉપાધિઓ કર્મને લીધે છે. દરેક જીવનાં જુદાં જુદાં પ્રકારનાં કર્મ હોય છે, તેથી કર્મજન્ય કારણો પણ જુદાં જુદાં હોય છે. આ કારણે જીવોમાં વિવિધતા અને વિસદ્રશતા પ્રતીત થાય છે

કોઈ ત્રસ છે, તો કોઇ સ્થાવર છે. કોઇ નારક છે, કોઇ મનુષ્ય, દેવ કે તિર્યંચ છે. કોઇ જળચર, સ્થળચર કે ખેચર છે. કોઇને માત્ર એક જ સ્પર્શેન્દ્રિય છે. કોઇને બે, કોઇને ત્રણ, ચાર કે પાંચ ઇંદ્રિયો છે, પરંતુ આ પૃથકતા કે વિવિધતા સ્વાભાવિક નથી, વૈભાવિક કે ઔપાધિક છે,

જેમ જેમ કર્મ કપાય છે, તેમ તેમ આત્મા નિરુપાધિક થતાં વિકાસ પામે છે. જ્યારે કર્મ સર્વથા દૂર થઇ જાય છે અને કોઇ પ્રકારની ઉપાધિ રહેતી નથી એટલે કે આત્મગુણ પર બાહ્ય ( પર ) ભાવોનો પ્રભાવ પૂર્ણરૂપથી દૂર થાય છે, ત્યારે આત્મા વિશુદ્ધ થઇને પોતાના મૂળ ( શુદ્ધ ) સ્વરૂપમાં આવી જાય છે. શુદ્ધ સ્વરૂપમાં આવી ગયેલા બધા આત્માઓ એક સમાન છે. તેમનામાં સત્તા ( વ્યક્તિત્વ ) ની ભિન્નતા જરૂર હોય છે, પણ ગુણોની વિષમતા નથી રહેતી.

( ક્રમશઃ )



## ડૉ. કુમારપાળ દેસાઇને પત્રકારત્વ માટે

## ⁘ એવોર્ડ ⁘


છેલ્લા પચીશ વર્ષથી ગુજરાત સમાચારની ‘ ઇંટ અને ઇમારત ’ અને ‘ ઝાકળ બન્યું મોતી ’ જેવી કોલમના લેખક ડૉ. કુમારપાળ દેસાઇને ઉચ્ચ કક્ષાના સત્વશીલ અને મૂલ્યનિષ્ઠ પત્રકારત્વ માટે હરિ ૐ આશ્રમ પ્રેરિત એવોર્ડ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી સુરેશભાઇ મહેતાના હસ્તે એનાયત કરવામાં આવ્યો છે. ગુજરાત દૈનિક અખબાર સંઘ દ્વારા આ એવોર્ડ મેળવનાર ડૉ. કુમારપાળ દેસાઇને પત્રકારત્વની કામગીરી માટે શ્રી યજ્ઞેશ હ. શુકલ પત્રકાર એવોર્ડ, સ્ટેટ બેન્ક ફેડરેશન તરફથી રત્ન એવોર્ડ, શ્રી નાનુભાઇ સુરતી ફાઉન્ડેશન તરફથી સંસ્કૃતિ ગૌરવ એવોર્ડ, નવચેતન તરફથી રૌપ્ય ચંદ્રક અને ઇંગલેન્ડની ક્રિકેટર મેગેઝીન કલબનો સી. એમ. સી. એવોર્ડ પ્રાપ્ત થયેલ છે.

ડૉ. કુમારપાળ દેસાઇને ખૂબ ખૂબ અભિનંદન....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમ પૂજ્ય આગમપ્રજ્ઞ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબ દ્વારા સંપાદિત ગ્રંથો અંગે પરિપત્ર



**માનનીય ટ્રસ્ટી સાહેબશ્રી**

જ્ઞાનભંડાર :

મુ. :

જય જિનેન્દ્ર સાથ વિદીત કરવાનું કે **શ્રી જૈન આત્માનંદ સભા ૧૦૦ વર્ષથી** જૈન દર્શનના પુસ્તકો આદિ પ્રકાશનનું કાર્ય અવિરતપણે કરી રહી છે.

પરમ પૂજ્ય આગમપ્રજ્ઞ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે સંપાદિત કરેલ દ્વાદશાર નયચક્રમ ભાગ ૧-૨-૩ આ સભા દ્વારા પ્રકાશિત કરેલ છે, જેની માંગ દેશ-પરદેશમાં પણ ઘણી જ રહી છે અને હવે આ ગ્રંથોનું પુનઃ મુદ્રણ શરૂ થયેલ છે પ્રત્યેક જ્ઞાન ભંડારોએ આ ગ્રંથો વસાવવા લાયક છે.

આ સિવાય આ સંસ્થા દ્વારા પ્રકાશિત વેચાણ વિભાગનું એક લીસ્ટ આ સાથે સામેલ રાખેલ છે. આપની જરૂરત મુજબ મંગાવશો.

બીજું ખાસ જણાવવાનું કે પરમ પૂજ્ય મુનિ ભગવંત આગમ પ્રજ્ઞ શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે નીચે મુજબ ચાર ગ્રંથો પ્રકાશિત કરેલ છે.

| | | પોસ્ટેજ ખર્ચના |
|---|---|---|
| ૧. | યોગ શાસ્ત્ર ભાગ ૧ લો પ્રતાકારે | રૂા. ૩૦-૦૦ |
| ૨. | યોગ શાસ્ત્ર ભાગ ૨ જો પ્રતાકારે | રૂા. ૩૦-૦૦ |
| ૩. | શ્રી સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસનમ્ (મોટી આવૃત્તિ) | રૂા. ૨૦-૦૦ |
| ૪. | શ્રી સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસનમ્ (નાની આવૃત્તિ) | રૂા. ૧૩-૦૦ |

આપના જ્ઞાન ભંડારમાં ન હોય તો ચારેય પૈકી કોઇપણ ગ્રંથની જરૂર હોય તો લખશો. **ગ્રંથો ભેટ આપવાના છે.** ફક્ત રજી. પોસ્ટેજ ખર્ચ જે તે દરેક ગ્રંથના નામ સામે દર્શાવવામાં આવેલ છે, તે રકમ મોકલાવશો એટલે આપને તે ગ્રંથો મોકલાવવામાં આવશે.

....(પાછળ)....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ગ્રંથોનો પરિચય નીચે મુજબ છે.

કુમારપાળ ભૂપાલ પ્રતિબોધક કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે તેમના વિશ્વ વિખ્યાત સંસ્કૃત વ્યાકરણ સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસન ઉપર બૃહદ્વૃત્તિ, લઘુવૃત્તિ તથા રહસ્યવૃત્તિની રચના કરી હતી તેમાં બૃહદ્વૃત્તિ તથા લઘુવૃત્તિ અનેક સ્થાનોથી પ્રકાશિત થઇ ચુકી છે અને તેની પ્રસિદ્ધિ પણ ઘણી છે. રહસ્યવૃત્તિની પ્રસિદ્ધિ ઘણી અલ્પ છે. સિદ્ધહેમ વ્યાકરણમાં અનેક સૂત્રો એવા છે કે જે સામાન્ય સંસ્કૃતના અભ્યાસીને અનુપયોગી છે અથવા અલ્પ ઉપયોગી છે. સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસનના સંસ્કૃત વિભાગમાં એકંદર ૩૫૬૬ સૂત્રો છે, તેમાંથી ખાસ ઉપયોગી લગભગ ૧૬૭૦ સૂત્રો પસંદ કરીને તેના ઉપર આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે રહસ્યવૃત્તિ રચેલી છે. આથી તેમના જીવન કાળમાં જ સં. ૧૨૧૮ માં લખાયેલી તાડપત્ર ઉપર લખેલી પ્રત જૈસલમેરના ભંડારમાં છે, તેના ઉપરથી સંશોધન કરીને શ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબે તેનું સંપાદન કરેલું છે. સાથે સાથે સિદ્ધહેમ ના મૂળમાત્રનો સંપૂર્ણ સૂત્રપાઠ પણ આકારાદિ ક્રમ સાથે તેમાં આપેલો છે. અભ્યાસી સાધુ-સાધ્વીજી મહારાજને ઘણો ઉપયોગી ગ્રંથ છે અભ્યાસીઓને આ ગ્રંથ શ્રી જૈન આત્માનંદ સભા તરફથી ભેટ આપવાનો છે. રજીસ્ટ્રેશન પોસ્ટેજ ખર્ચ જે અગાઉથી મોકલી આપશે તેમને જ ભેટ આપવાનો છે માટે જેમને જરૂર હોય તે રજીસ્ટ્રેશન પોસ્ટેજ ખર્ચ **શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)**ના સરનામે મોકલી આપવા વિનંતી છે.

તે જ પ્રમાણે સિદ્ધ હેમચંદ્ર શબ્દાનુશાસન મૂળ માત્રના સાત અધ્યયનોનો સૂત્ર પાઠ-આકારાદિ ક્રમ સાથે જુદો છપાયેલો છે. સાધુ-સાધ્વીજી મહારાજને વિહારમાં ઉપાડવા માટે તથા ગોખવા માટે અનુકૂળ છે. તો જે અભ્યાસીઓને આની જરૂર હોય તે રજીસ્ટ્રેશન પોસ્ટેજ ખર્ચ મોકલી આપશે તેમને શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર તરફથી ભેટ આપવામાં આવશે.

યોગશાસ્ત્ર ભાગ ૧-૨-૩ સ્વોપજ્ઞવૃત્તિ સહિત

રચયિતા : કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ

તાડપત્ર ઉપરથી ઘણા સંશોધન સાથે

સંપાદક તથા સંશોધક-મુનિરાજશ્રી ભુવનવિજયાન્તેવાસી મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ

પ્રકાશક : શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ, મુંબઇ

આ ગ્રંથના પેલા ભાગની નકલો લગભગ સમાપ્ત થઇ ગઇ છે. બીજા ભાગની તથા ત્રીજા ભાગની થોડી નકલો રહી છે. જે ભેટ આપવાની છે. જે જ્ઞાનભંડારો તથા અભ્યાસી સાધુ-સાધ્વી ભગવંતોને જરૂર હોય તેમણે પોસ્ટેજ ખર્ચ મોકલી શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)ના સરનામેથી મંગાવી લેવા વિનંતી છે.

# Shree Jain Atmanand Sabha

Khargate, M. G. Road,
P. O. BHAVNAGAR-364 001
( Gujarat State )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે

# " શ્રી આત્માનંદ પ્રકાશ "

સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

**૧. પ્રસિદ્ધિ સ્થળ :**
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર-૩૬૪૦૦૧

**૨. પ્રસિદ્ધિ ક્રમ :**
દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ.

**૩. મુદ્રકનું નામ :**
ભરતકુમાર છોટાલાલ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર-૩૬૪ ૦૦૧

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા વતી, પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર-૩૬૪ ૦૦૧

**૫. તંત્રીનું નામ :**
શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

**૬. સામાયિકના માલિકનું નામ :**
શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઇટ, ભાવનગર-૩૬૪ ૦૦૧

આથી હું પ્રમોદકાંત ખીમચંદ શાહ જાહેર કરું છું કે ઉપરની આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬-૨-૯૬ **પ્રમોદકાંત ખીમચંદ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash Regd. No. GBV. 31

# વિવેક ....

परमेशात्म सत्यस्यानुभूतिरुपजायते ।
विवेकात् परमाच्छास्त्रात् सर्वकल्याणमन्दिरम् ।।

卐

* વિવેક એ પરમ શાસ્ત્ર છે, એના આશ્રયથી પરમેશ્વરરૂપ પરમ સત્યની અનુભૂતિ થાય છે, જે સર્વ કલ્યાણનું મહામન્દિર છે.

卐

* Viveka (Discrimination)is the best Shastra (scripture), by resorting to which the highest reality in the form of the supreme Soul is realized. This realization is the abode of absolute welfare.

પ્રતિ,

BOOK-POST

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only